શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૮
અંક : ૧૧

## પ્રધાનમંત્રી જન ઔષધ સ્ટોર

બ્રાન્ડેડ દવાના પ્રિસ્કીપ્શનથી સારવારનો ખર્ચ વધુ થાય છે. કયાંક કયાંક જેનેરીક દવાઓના સ્ટોર શરૂ થયાનું જાણમાં આવ્યું હતું. હાલ તેનો પ્રારંભ ગુજરાતમાં પણ થઈ ગયો છે. વ્યાજબી ભાવની દવાની દુકાન ૧૪.૧૧.૧૬ થી અમરેલીમાં શરૂ થઈ. જે આરોગ્ય સેવાઓના ખર્ચમાં ઘટાડો કરશે તેમ માનવામાં આવે છે. જેનેરીક દવાની માત્રા, અસરકારકતા, સુરક્ષિતતા, ગુણવતા તથા ઉપયોગમાં લેવાની રીત હાલમાં આપણે જે બ્રાન્ડેડ દવાઓ લઈ રહયા છીએ તેના જેવી જ છે. પણ કિંમત ઓછી હોય છે. તજજ્ઞો દ્વારા મુળભુત તત્વો નક્કી કરવામાં આવેલ હોય અને આંતરરાષ્ટ્રિય સ્તરે (ડબલ્યુ એચ ઓ દ્વારા) માન્યતા પ્રાપ્ત થયેલ હોય તેવી દવાઓ જેનેરીક દવા તરીકે બજારમાં પ્રાપ્ય બની રહે તેવુ આયોજન થયેલ છે. જેને દીન દયાલ વ્યાજબી ભાવની દવાની દુકાન એવુ નામ આપેલ છે બજાર કિંમત કરતા ૪૦ % થી ૮૦% જેટલા ઓછા ભાવે દવાઓ તથા તબીબી સાધનો મેળવી શકાશે.

**– પ્રેમલ જોષી**

## જીવનની કળા

એક સાવ અંધારીયા ઓરડામાં ચાર મીણબતી પ્રગટતી હતી. પ્રેમ, વિશ્વાસ, ડર અને આશા. થોડીવાર પછી પ્રેમ નામની મીણબતીએ કહયુ કે આ જગતમાં મારી કોઈને જરૂર નથી. કોઈપણ માણસ એકબીજા પ્રત્યે પ્રેમ ધરાવતા નથી તેમ કહી ઓલવાય ગઈ. વિશ્વાસ નામની મીણબતીને વિચાર આવ્યો કે મારી પણ કોઈને જરૂર નથી કારણ કે આ જગતમાં કોઈ માણસ એકબીજા પ્રત્યે વિશ્વાસ ધરાવતા નથી તેમ કહી ઓલવાય ગઈ. ડર નામની મીણબતીને થયુ કે અત્યારના લોકોને કોઈપણ પ્રકારનો ડર નથી તેથી મારી પણ કઈ જરૂર નથી તેથી તે પણ ઓલવાય ગઈ. થોડા સમય પછી એક બાળકે તે ઓરડામાં પ્રવેશ કર્યો અને તે રડવા લાગ્યો. ત્યારે આશા નામની મીણબતી બોલી તુ રડ નહિ હજી હું છુ, એટલુ જ કહેતા જે ત્રણ મીણબતી ઓલવાય ગઈ હતી તે ફરી પ્રગટી કારણ કે આશા તો દરેક લોકોના મનમાં હોય છે. જીવનમાં ગમે તેવી મુશ્કેલી આવે તો પણ આશા ન છોડવી જોઈએ.

**સંકલન – મેહુલ વાઘેલા**

**સફળતા મેળવવા માટે સાહસની વૃતિ હોવી જરૂરી છે.**

## વિદ્યાર્થીઓની સંસ્થા મુલાકાત

જુનાગઢ કૃષિ યુનિવર્સિટી (અમરેલી કોલેજ) ના કૃષિ સ્નાતક અભ્યાસક્રમના ૨૫ વિદ્યાર્થીઓ ગ્રામ્ય ઉદ્યમવૃતિ જાગૃતિ અને વિકાસ યોજના (Rural entrepreneurship awareness and development yojana-READY) હેઠળ સ્વૈચ્છિક સંસ્થાના કાર્યોની જાણકારી માટે તા.૧૫ ના રોજ આસી. પ્રોફેસર શ્રી વિરેન્દ્ર પરમાર તથા પુષ્પા યાદવના માર્ગદર્શન તળે એસએસકેકેની મુલાકાતે આવ્યા. સંસ્થાનો ઉદભવ, કાર્યો, માળખું, પોલીસી, કાર્યપધ્ધતિ વિગેરે બાબતો જાણવાની અપેક્ષાઓ વિદ્યાર્થીઓએ તેમના પરિચય દરમ્યાન આપી.

૪૦–૫૦ યુવાનો પોતાની મુંઝવણોના ઉકેલ માટે એકઠા થયા અને સંસ્થા બની આગળ જતા કામ કરવાની પધ્ધતિ અને ઉદેશો બદલાયાની વિગતો સાથે આજે સંસ્થામાં ચાલતા કાર્યક્રમોની વિગતો સંચાલક શ્રી વાગડીયાએ આપી હતી. પોતાનામાં રહેલી તાકાત/નબળાઈ/તક/ડરને ધ્યાને લઈ લાક્ષણિકતાઓ અને કુશળતાઓનું વિશ્લેષણ કરવાની પધ્ધતિઓ સમજાવી. જેન્ડર સેન્સેટાઈઝેન પર એકસરસાઈઝ કરવામાં આવી. તાલીમો કરવાની સંસ્થાની રીત પરવાત થઈ. શિક્ષણ પર કાર્યરત ગોરધન વાઘેલાએ પોતાના અનુભવ રજુ કર્યા.

એગ્રિકલ્ચર પર ચાલતી સંસ્થાની કામગીરી અને ખેડુતોની કંપનીઓની રચના અને સંચાલન કાર્ય પર પરીતા પટોળીયાએ માહિતી આપી.

શ્રી નિલેષ શાહ (એજીએમ) નાબાર્ડએ વિદ્યાર્થીઓને નાબાર્ડની યોજનાઓ કે જે તમામ વિદ્યાર્થીઓને કારકીર્દી માટે ખુબ ઉપયોગી થઈ શકે તેની વિગતવાર માહિતી આપી હતી.

અંતમાં વિદ્યાર્થી શ્રી સુમરાએ આ મુલાકાતથી જે અપેક્ષાઓ હતી તે શીખવાની આ સરળ પ્રક્રિયા દ્વારા સંતોષાઈ, ઉપરાંત પણ ઘણી માહિતી આપવા બદલ સંસ્થાનો આભાર માન્યો હતો.

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટથી મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. તેથી અન્ય લોકો તે વિશે માહિતગાર થશે. **– ટપક ટીમ**

## પ્રતિભાવો

**મારે પણ તમારી પાસે અહેવાલ અને સકસેસ સ્ટોરી લખતા શીખવું છે.** ***કાજલ જોષી***

**ટપક ખુબ સરસ છે. અભિનંદન તમને અને તમારી ટીમને.** ***નીતાબેન પંડિત***

**ટપક વાંચવાની ખુબ મજા આવે છે. ૧ લી તારીખે ટપકની રાહ જોઈએ છે.** ***સ્નેહા મારૂ***

**માતા બાળકની શિક્ષા, દિક્ષા અને સંસ્કારનો ગુરૂ છે.**

## મગફળીની ખરીદી

ખરીફ પાકોમાં કપાસ, કઠોળ તથા મગફળીના બજાર ભાવો આ વર્ષે પણ પોષણક્ષમ/પુરતા ન હોવાથી સરકારશ્રી દ્વારા કઠોળ તથા મગફળીના ટેકાના ભાવો નકકી કરવામાં આવ્યા છે. ટેકાના ભાવે ખરીદી શરૂ થવાની હતી ત્યાં દિવાળીના તહેવારોની રજાઓને લઈ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ બંધ રહી ત્યારબાદ ખરીદી શરૂ થવાની હતી ત્યા નોટબંધીના કારણે ખરીદી જ શરૂ થઈ નહી. હંમેશા રોકડેથી ખરીદીની ચાલી આવતી પ્રથાને લઈ વેપારીઓ પાસે નવું ચલણ પુરતા પ્રમાણમાં ન હોવાથી યાર્ડ બહાર અથવા ખેડૂતોના ઘરઆંગણેથી થતી ખરીદી પણ ન થતા રોકડેથી ખેડુતો પોતાના ખરીફ ઉત્પાદનો હજુ સુધી વેચી શકયા નથી. દ્વિમુદ્રીકરણના કારણે પોતાની પાસે નવા ચલણની રકમ હાથ પર ન આવતા હાલ પોતે રવી સીજન માટે ઈનપુટ ખરીદી શકયા નહી. સરકારશ્રીની જાહેરાત અનુસાર બીજનીગમ તથા કૃષિ યુનિવર્સિટીના કેન્દ્રો પરથી જુના ચલણથી બીજ ખરીદી શકાતા થોડી રાહત થઈ પણ બીજા ઈનપુટ ઉધારથી લેવાની ફરજ પડી જેનાથી વધારે ભાવો આપવાનો માર સહન કરવો પડે તેવી શકયતાઓ ખરી. આ ઉપરાંત પોતાની ઉપજ ન વેચાવાના કારણે અન્ય પ્રસંગોપાત તથા ઘરવપરાશની ચીજો ખરીદવામાં મુશ્કેલી નડે છે.

ઉપરોકત બાબતોને ધ્યાને લઈ ખેડૂતોની મુશ્કેલીઓ મહદઅંશે હલ થઈ શકે તે માટે આપણા કાર્ય વિસ્તારમાં ખેડુતો દ્વારા રચાયેલ કંપનીઓએ પ્રયાસ હાથ ધર્યા. ખેત ઉત્પાદનોની ખરીદી શરુ થાય તે માટે રાજય સ્તરે રચાયેલ સંગઠન ગુજપ્રો સાથે રહી કાર્યવાહી શરુ કરી. ગુજપ્રોએ સરકારશ્રીના વિવિધ વિભાગો સાથે ચર્ચા કરતા થયેલ નિર્ણય અનુસાર નાફેડ સાથે થયેલ સમજુતી કરવામાં આવી. ગુજપ્રોએ પોતાની સાથી સંસ્થાઓ સાથે કરાર કરી ટેકાના ભાવે મગફળી / કઠોળની ખરીદી શરૂ કરવા તૈયારીઓ કરી અને ખરીદીનો આરંભ કરેલ છે.

અવિરત એગ્રો પ્રોડયુસર કંપનીએ અમરેલી અને ખાંભા ખાતે મગફળીની ખરીદી તા. ૨૪ થી શરુ કરી છે. સોરઠ એગ્રીકલ્ચર પ્રોડયુસર કંપની એ પોતાના કાર્યસ્થળ ધોકડવા (ગીરગઢડા)થી મગફળીની ખરીદી તા. ૨૫ થી શરુ કરી છે. જાફરાબાદ એગ્રીકલ્ચર પ્રોડયુસર કંપનીએ ટીંબી (જાફરાબાદ)માં ખરીદી કેન્દ્ર શરુ કર્યુ છે. ગીરફાર્મર્સ પ્રોડયુસર કંપની બગસરાથી ખરીદી શરુ કરી શકે તે માટે પ્રયાસ કરી રહી છે.

કઠોળની ખરીદીમાં પણ માર્કેટયાર્ડ શરુ થાય તેની રાહ જોવાઈ રહી હતી પણ આ કેન્દ્રો પરથી તેની ખરીદી થાય તો સારું. પ્રથમ વીણીનો કપાસ આવી ગયો છે તેની ખરીદી માટે માન્ય જીનર્સ સાથે વાટાઘાટો ચાલી રહી છે.

**– સુરેશ ગોહીલ**

**સાચું સ્વર્ગ માતાના ચરણોમાં છે.**

## મગફળીનુ મહત્વ

શિયાળાની ઠંડી શરૂ થતાની સાથે મગફળી અને તેની બનાવટો ખાવાનું લોકો શરૂ કરી દેતા હોય છે. મગફળીને સસ્તા કાજુ તરીકે પણ ઓળખવામાં આવે છે. તેના સ્વાસ્થ્યલક્ષી અનેક ફાયદા છે. મગફળી અનેક રીતે ઉપયોગી છે. તેનું તેલ સ્વાદમાં તેમજ સ્વાસ્થ્ય માટે ખુબ જ ઉમદા છે. મગફળી આપણે ત્યાં દરેક રીતે ખોરાકમાં ઉપયોગમાં લેવાય છે જેમ કે પ્રથમ લીલી મગફળી ઓળા તરીકે કે બાફીને ખોરાકમાં મોટાભાગના લોકો ઉપયોગમાં લે છે. પાકેલી મગફળીનો ઉપયોગ ખારીસીંગ, સીંગભજીયા, મસાલાસીંગ, સીંગપાક જેવા ફરસાણ / મીઠાઈઓમાં થાય, ઘણી ગૃહિણીઓ દાળ શાકમાં મસાલા તરીકે પણ ઉપયોગમાં લે છે. પરંતુ મહતમ ઉપયોગ ખાદ્યતેલ તરીકે થાય છે. પુરા સૌરાષ્ટ્રના લોકોને તો મગફળીના તેલ વગર ચાલતુ નથી. મગફળીના ગુણો જોઈએ તો તે શરીરમાંથી ખરાબ કોલસ્ટ્રોલ કાઢે છે અને સારા કોલસ્ટ્રોલને વધારે છે. monounsaturated ફેટી એસિડ ખાસ પ્રકારનું ઓઈલ એસિડ તેમાં છે. જેનાથી હદયની બિમારી રોકી શકાય છે. મગફળીમાં પ્રોટીનનો એક સારો સ્ત્રોત છે તેમાં આવતા એમોનિયમ એસિડ શરીરના ગ્રોથ માટે લાભદાયી પણ છે. અમુક માત્રામાં polyphenolic antioxidant & coumaric acids પણ હોય છે જે પેટના કેન્સરને મટાડે છે. મગફળીમાં antioxidants ખુબજ માત્રામાં છે તેને બાફવાથી વધારે તે સક્રિય બને છે તેમાં રહેલા antioxidants biochanin-A and genistein ચાર ગણો વધી જાય છે. જેનાથી શરીરની અંદરનો ભાગ સાફ થાય છે. સસ્તો કાજુ એટલા માટે કહેવામાં આવે છે કે તે કાજુની જેમ સફેદ છે કાજુને બદલે ઉપયોગ કરી શકાય છે. તેમાં બદામની જેમ વિટામીન એ ભરપુર માત્રામાં હોય છે તે ત્વચાને સારી બનાવે છે અને વાળનો ગ્રોથ વધારે છે. તેમાં પોટેશિયમ મેગેનીઝ, copper, calcium, આયર્ન સેલેનિયમ અને ઝીંક જેવા તત્વો છે જે શરીરના વિવિધ ફંકશન માટે ખુબજ ઉપયોગી છે. મહિલાઓ વજન વધારવા ઉપયોગમાં લે છે. પ્રસૃતાએ પહેલેથી એટલે કે શરૂઆતથી મગફળી ખાવી જોઈએ જે બાળકમાં થઈ શકે તેવી ન્યુરલ અને ટ્યુમ ડિફેકટની સમસ્યાઓને ૭૦ ટકા ઘટાડે છે. મગફળીમાં આવતા magnesium calcium fats & carboids શરીરમાં ભળી જાય છે જે લોહીમાં શુગરનું પ્રમાણ નિયંત્રિત કરે છે અને મગફળીમાં જોવા મળતા વિટામિન ઝિંક અને મેગ્નેશીયમ ત્વચા સુંદર અને ચમકીલી બનાવે છે. અને બેકટેરિયાથી ત્વચાને રક્ષણ આપે છે.

**સંકલન: સ્નેહા મારુ**

**તમારી વર્તણુક તમારાં સંસ્કારનું પ્રતિક છે.**

## હવે કોઈનો ડર નથી

મને કોઈનો ડર નથી એવો હાશકારો અનુભવતી કોઈપણ વ્યકિતનો સંપર્ક થાય ત્યારે સમજી શકાય કે આપણુ સ્વૈચ્છિક કાર્ય આપણા કાર્ય વિસ્તાર માટે સાર્થક થયું.

દરેક માણસને આજે અનેક પ્રકારના ભય, ડર, અસલામતિ વિગેરે સતાવી રહયા છે.

આપણે સક્ષમતા એટલે કે Empowerment ની વાતો કરીએ, પણ કયાં છે આ સક્ષમતા ? ગરીબ વર્ગ, મહિલાઓમાં આ સક્ષમતા આવે તેવી પ્રક્રિયાઓ ચાલી રહી છે.

શકિતશાળી પરિબળો આ વર્ગને સતત દબાવે છે. તેમાંથી તેઓને મુકત કરવા કાર્ય સંભાળી રહેલા મિત્રોએ પહેલા પોતે ભયમુકત બનવું જોઈશે.

વિકાસની મૂખ્ય ધારામાં શોષિત વર્ગને (ખાસ કરીને મહિલાઓને) સામેલ કરવામાં નહી આવે તો કયારેય આપણે વિકાસ સાધી શકીશુ નહી. આ વર્ગને વિકાસની મૂખ્ય ધારામાં લાવવા માટે તેને ભય મુકત વાતાવરણ મળવુ ખૂબ જ જરૂરી છે. શારિરીક, માનસિક અને આર્થિક બાબતે ક્ષમતા ઉભી થાય તે માટેના કાર્યક્રમો વધુ અસરકારક રીતે યોજવા અને સંસાધનોની માલિકી ધરાવતા વર્ગ પર તેઓએ આધારિત ન રહેવુ પડે તેની યોગ્ય વ્યવસ્થા થાય તો આ વર્ગની દરેક વ્યકિત અનુભવી શકે કે મને કોઈનો ડર નથી. ***(ટપક એપ્રિલ ૧૯૯૯)***

## પાણી સંગ્રહ

પાણીના કાર્યક્ષમ ઉપયોગ અને પાણી સંગ્રહ પર વર્ષ દરમ્યાન જાગુતિ કાર્યક્રમો થયા. પાણી સંગ્રહ થઈ શકે તે માટે ટાટા ટ્રસ્ટના એન્જીનીયરશ્રી તથા સંસ્થાના કાર્યકરોએ સ્થળો જોયા બાદ આ માસમાં પાંચેક ખેડુતો દ્વારા ૫૦ ટકા લોકફાળાથી ખેત તલાવડીઓ બનાવવામાં આવી છે. કુવા રીચાર્જ તથા વોંકળાના પાણીને રોકવાના સ્ટ્રકચર બનાવવા અયોજન છે.

## લર્નીંગ રીસોર્સ સેન્ટર અને બાળ અધિકાર

શિક્ષણ સંવર્ધન અને શાળા વ્યવસ્થાપન પર ચાલતી કામગીરીમાં શિખવાની ક્ષમતાઓ પર છેલ્લા ત્રણેક વર્ષ અલગ અલગ શાળાઓમાં ધો. ૩ થી ૫ ના વિદ્યાર્થીઓ માટે વર્ગો ચલાવી એક નમુનારૂપ કામગીરીથી લોકોને વાકેફ કર્યા હતા. હવે ધો. ૧ થી ૮ માં આ પ્રકારે વિદ્યાર્થીઓની શીખ બને તે હેતુથી લર્નીગ રીસોર્સ સેન્ટર શરૂ કરવા માટે હિરલ ગોસાઈ અને રીંકલ મકવાણાએ દસ દિવસની તાલીમ લીધી.

બાળકોના અધિકાર પર ત્રણ દિવસની તાલીમ યોજાઈ જેમાં ચિરાગ કરડ અને ગોરધન વાઘેલા જોડાયા હતા. માસ દરમ્યાન લેમ્પ ટીમના સભ્યોના પ્રોજેકટના ઉદેશો અનુસાર આગળ ધપાવા માટે ક્ષમતાવર્ધન માટે તાલીમો યોજાઈ હતી ચાલતી પધ્ધતિઓમાં આ તાલીમથી ઘણી સરળતા બની છે.

***આળસથી કટાઈ જવા કરતાં મહેનતથી ઘસાઈ જવું વધુ સારું છે.***

## જીવનની અપેક્ષા

જીવન તો દરેક લોકોને ભગવાને એકસરખુ આપ્યુ છે એમાંથી કેવી રીતે ઉજાસ મેળવવો એ માનવી માં રહેલી એક શકિત છે જેનો ઉપયોગ કરો દોસ્તો ઉજાસ મેળવવા માટે આળસ ને બાય–બાય કરી દયો. અને નિંદ્રાને ગુડમોનિંગ કરો એ આપણા જીવનમાં સફળતાની ચાવી છે તેથી આપણા જીવનમાંથી અંધકાર તો ગાયબ થઈ ગયો. સફળ થવા વાણી, વર્તન, વિદ્યા, વિચારો, સુટેવો, પ્રેમ, લાગણી, સદગુણો, ચરિત્ર, એ આપણા જીવનમા આવતા મહેમાન છે તેને વેલકમ કરો તેમની સાથે સારો વ્યવહાર કરો તેથી આપણા જીવન માં એક શકિત ઉત્પન થાશે તેમાથી સફળ થવાની ચાવી મળશે અને જો દોસ્તો આ મહેમાન સાથે સારા સબંધ રાખજો એમની કાળજી લેજો એટલે આપણી પાસે કાયમી રહે. આ બધા મહેમાન તમારી પાસે હશે તો ડોકટર, વકીલ, પ્રોફેશર, નેતા, સાધુ–સંતો, ગુહિણી, વેપારી, જે કાઈ બનવુ હશે એ બનવામા સફળ થવાને એક પરિણામ છે જે પાસ કરી શકયા આ મહેમાન ને નહિ સાચવીએ તો આપણે વુધ્ધાવસ્થામા પરિણામ ફેઈલ દેખાશે. તમારી સફળતા કે નિષ્ફળતાનો આધાર તમે તમારો સમય કેવી રીતે પસાર કરો છો તેના પર છે તેથી જીવન એ સફળતાની એક ચાવી છે.

**સંકલન : સ્નેહા મારૂ**

## સમય

વર્તમાન સમયમાં અનેક ટેકનોલોજીનો ઉદય થયો છે આ અધતન ટેકનોલોજી અને અનેક યંત્રોની શોધે મનુષ્યનું જીવન ઘણુજ સરળ બનાવી દીધુ છે. આજે દરેક માણસ પાસે સમયનો અભાવ જોવા મળે છે. માતા પિતા પાસે પોતાના બાળક માટે સમય નથી. હદ તો ત્યાં થઈ છે કે જયારે ભૈતિક સુખ સુવિધાના સાધનો માણસ વસાવે છે ત્યારે એક માત્ર કારણ એ હોય છે કે જે કામ તે કરે છે એ ઝડપથી ઓછામાં ઓછા સમયમાં થઈ જાય આટલી કાર્યની સરળતા હોવા છતા વ્યકિત પાસે સમયનો તો અભાવ જ જોવા મળે છે.

આજે લોકો વિદેશમાં શું ચાલી રહયું છે. તે જાણે છે પણ પોતાના પરિવારમાં શું ચાલી રહયું છે એ જાણવાનો તેની પાસે સમય નથી. અસંખ્ય લોકોનું જીવન આજે ઘડિયાળના કાંટાપર ચાલે છે. દરેક લોકોએ પોતાના પરીવાર માટે સમય કાઢવો જોઈએ દિવસમાંથી થોડી પળો પોતાના પરિવાર સાથે વિતાવવી જોઈએ ઘણીવાર કૌટુંબીક ઝઘડાનું કારણ પણ સમયનો અભાવ જ છે. એક કહેવત છે સમય સૌથી વધુ બળવાન છે સમય વગર બધુ જ ખોટુ છે. અને જયારે આપણને એ સમયનું મહત્વ સમજાય ત્યારે બહુ મોડુ થઈ ગયુ હોય છે વિતેલો સમય કયારેય ફરી આવતો નથી .

**સંકલન : જલ્પા ડોડીયા**

**સાચો પ્રયાસ કદી નિષ્ફળ જતો નથી.**

## ટકાઉ ખેતી

દોસ્તો, આ અંકમાં આપણે ઘઉંના પાકની વાતો કરીશું. ચાલુ સાલમાં સારા વરસાદથી પિયત પાણીની વ્યવસ્થા સારી છે. ઠંડીની શરૂઆત પણ વહેલી શરૂ થવાથી ઘઉંનું ઉત્પાદન સારું મેળવી શકાય તેવા એંધાણ દેખાય રહયા છે.

ઘઉંના પાકમાં જો જાતોની વાત કરીએ તો આપના વિસ્તારમાં મોટા ભાગે ૪૯૬ નું જાતનું વાવેતર કરવામાં આવે છે. આ ઉપરાંત ગુ.ઘઉં ૩૨૨, ગુ.ઘઉં ૨૭૩, ગુ.ઘઉં ૩૬૬, ગુ.ઘઉં ૧૯૦, ગુ.ઘઉં ૫૦૩ આ જાતોને પણ પંસંદ કરી શકાય. ૬.૨૫ વીઘામાં ૧૦૦ થી ૧૨૫ કિલો બિયારણની ભલામણ કરવામાં આવેલી છે. ખાતરની વાત કરીએ તો વરસમાં એક વખત ૬.૨૫ વીઘામાં ૧૦ ટન છાણીયું ખાતર આપવું. જો જમીનની ચકાસણી કરાવેલ હોય તો તત્વોની ઘટના આધાર પર યોગ્ય ખાતર આપી શકાય. તેમ છતાં ગીર ગઢડા, ઉના, ખાંભા વિસ્તારમાં નાઈટ્રોજન ૧૨૦ કિ.ગ્રા., ફોસ્ફરસ ૬૦ કિ.ગ્રા., ઝીંક સલ્ફેટ ૮ કિ.ગ્રા., ફેરસ સલ્ફેટ ૧૫ કિ.ગ્રા.ની ભલામણ છે. ઝીક સલ્ફેટ ખાતર બધાજ ખેડુતો જમીન તૈયારી વખતે નાખે તો ફાયદો થાય.

સારા ઉત્પાદન માટે નીચેની બાબતો ધ્યાને લેવી. પ્રમાણિત બિયારણનો જ ઉપયોગ કરવો, સમયસર જ વાવણી કરવી, પુખીને વાવણી કરવી, મોડું વાવેતર શકય હોય તો ના કરવું, શકય હોય ઘઉંનું વાવુતર કોરાટે જ કરવું, બિયારણનો દર ભલામણ મુજબનો રાખવો, રાસાયણિક/જૈવિક ખાતર જમીન ચકાસણીના રીપોર્ટ મુજબ, બીજ માવજત કરવી, ૩૫ દિવસમાં બધાજ પોષક તત્વો આપી દેવા, પાકને ૫૦ દિવસ સુધી નિંદામણ મુકત રાખવો, નિંદામણ નાશક દવાઓનો ઉપયોગ સમજ પુર્વક કરવો, પાકની કટોકટી અવસ્થાએ પિયત આપવું, પોંક અવસ્થા પછી પિયત બંધ કરવું, ઘઉંના સંગ્રહ માટે સમયસર જરૂરી પગલા લેવા.

કટોકટીની અવસ્થાઓ અને વાવણી બાદ પિયત આપવાના દિવસોઃ

મુકુટ મુળ (૧૮ થી ૨૧), કુટ (૩૫ થી ૪૦), ગાભ (૫૦ થી ૫૫) ફુલ (૬૫ થી ૭૦), દુધિયા (૭૫ થી ૮૦), પોંક (૯૦ થી ૯૫).

મિત્રો, ઘઉંના રોગ જીવાતની બાબતોની વાતો આવતા અંકોમાં કરીશું.

૧. ઉપર આપેલી ભલામણો ઘઉં સંશોધન કેન્દ્ર વિજાપુરની છે.

૨. કપાસમાં ગુલાબી ઈયળને ચેક કરતા રહેવું.

**–ડી. એન. ઝાલા, ૯૮૨૫૪૨૨૨૪૪**

### રમુજ એક થેરાપી.

**બાળક :** ચાલો પપ્પા આજે આપણે સ્કુલ સ્કુલ રમીએ.

**પપ્પા :** પણ હું શિક્ષક બનીશ બેટા.

**બાળક :** તો આજે હું ગેરહાજર છુ.

***બદલો લેવા કરતાં ક્ષમા હંમેશા સારી છે.***

**Happy birthday**

| | |
|---|---|
| Rajesh Rathod | 01.12.1992 |
| Vijay Solanki | 06.12.1995 |
| Chirag Karad | 08.12.1992 |
| Piyush Bed | 13.12.1998 |
| Satishbhai Dafada | 15.12.1977 |
| Bhavika Solanki | 19.12.1989 |
| Rahul Bed | 31.12.1991 |

**In this month**

| | |
|---|---|
| 3-5 | WRM Structure: identification of specific space and start work. |
| 6-15 | Training on different aspect to facilitator of LRC. |
| 9 | Project Implementation and Monitoring Committee meeting at Dhokadva. |
| 15 | Students (Junagadh Agriculture University) Visit to SSKK under Rural entrepreneurship awareness and development yojana-READY. |
| 16 | Child labour & fibre quality training, Dhokadva |
| 16 | Groundnut procurement meet at Gujpro Agribusiness Consortium Producer Company Limited. |
| 17-18 | Training on Institutional Buliding-Sayala |
| 23-25 | TOT On Child Rights & HDRC training centre. |
| 29 | Country Manager - Visit to Dhokadva. |

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Reg. No. Amreli/091/2015-17
Valid Upto 31/12/2017

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

SskK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

જ્યાં બુદ્ધિ શાસન કરે છે, ત્યાં શાંતિમાં વૃદ્ધિ થાય છે.